# એર ઈન્ડિયા વિમાનના ૪૮ યાત્રીઓનો બચાવ

## વિમાનના આગળના ટાયર મિસિંગ હોવાની વાત જાણવા મળ્યા બાદ વિમાનને તાત્કાલિક જ ઉતરાણની ફરજ પડી

ગુવાહાટી,તા.૧૦

ગુવાહાટી જતા એર ઈન્ડિયાના વિમાનને આજે તાકીદે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. બે મહિલા પાયલોટોની બુદ્ધિ શક્તિના પરિણામ સ્વરૂપ ૪૮ યાત્રીઓ અને ક્રુ મેમ્બરના જીવ બચી ગયા હતા. આ મહિલા પાયલોટોને સમયસર એ બાબતની જાણ થઈ ગઈ હતી કે વિમાનના ફ્રન્ટ વ્હીલ મિસિંગ નથી. ઉતરાણ કરવાની તૈયારી હતી ત્યારે જ આ અંગેની જાણ થઈ હતી. ઉતરાણ પહેલાની ચકાસણી પહેલા એટીસીને જાણવા મળ્યુ હતુ કે બે ફ્રન્ટ ટાયરો પૈકી એક મિસિંગ છે. પાયલોટો તરત જ આ અંગે વિમાની મથકને જાણ કરી હતી જેથી લોકપ્રિય ગોપીનાથ બોરડોલોઈ વિમાની મથકે ઈમરજન્સી જાહેર કરી દેવામા આવી હતી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ કહ્યુ હતુ કે આ મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામા આવી છે. એર ઈન્ડિયાની ફલાઈટે ત્યારબાદ ખૂબ જ સાવધાની પૂર્વક ઉતરાણ કરી દીધુ હતુ. એર ઈન્ડિયાની ફલાઈટના સાવધાની પૂર્વક ઉતરાણ બાદ તંત્રને રાહત થઈ હતી. સિલચરથી એટીઆરનો આ વિમાન ઉડાણ ભરી રહ્યુ હતુ આમા ઉર્મિલા યાદવ અને સહ પાયલોટ તરીકે યશુ નામની મહિલા હતી. ઈમરજન્સી ઉતરાણ માટેની તૈયારી પૂર્ણ કરી લેવામા આવે ત્યા સુધી વિમાનને આશરે બે કલાક સુધી એરપોર્ટ ઉપરજ હવામા રાખવાની ફરજ પડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નિષ્ણાંતો પણ આ બાબતને લઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ પ્રકારની સ્થિતિમાં બાકી ફયુઅલ હમેંશા વિમાનને ઓપરેશનમાં રાખે છે. સાથે




સાથે ઉતરાણ કરતી વેળા અકસ્માતોને ટાળે છે. સૂત્રોનુ કહેવુ છે કે ફયુઅલને બાળીનાખવા માટેનો નિર્ણય યોગ્ય હતો કારણ કે ઈમરજન્સી ઉતરાણની સ્થિતમાં અકસ્માત સર્જઈ સકે છે. યાત્રીઓમાં દહેશત ફેલાઈ ગઈ હતી. બીજા બાજુ દુર્ઘટના ટળી જતા આસામના મુખ્યમંત્રી તરુણ ગોબોઈએ આ સાહસ બદલ વિમાનના પાયલોટોને અભિનંદન આપ્યા છે.

# ગરમીના કારણે ઓરિસ્સાના જુદા જુદા ભાગોમાં મોતનો આકંડો વધીને ૩૨ ઉપર

ભુવનેશ્વર,તા.૧૦

ઓરિસ્સા સહિત દેશના ઘણા ભાગોમાં કાળઝાળ ગરમી હજુ પણ જારી છે. ગરમીના કારણે ઓરિસ્સાના જુદા જુદા ભાગોમાં મોતનો આકંડો વધીને ૩૨ ઉપર પહોંચી ગયો છે. હીટવેવની સ્થિતિ અને સનસ્ટ્રોકના કારણે લોકો વધુ શિકાર થઈ રહ્યા છે. રાજયના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે મોતનો આંકડો રાજ્યમાં વધીને ૩૨ ઉપર પહોંચી ગયો છે. કેટલાક દરિયાકાંઠા વિસ્તારોમાં છેલ્લા બે દિવસમા તાપમાનમા ઘટાડો થયો છે. રાજ્યના પશ્ચિમી ભાગોમાં તાપમાન ૪૬ ડિગ્રીની નજીક પહોંચી ગયુ છે. આ ઉપરાંત ભુવનેશ્વરથી ૩૨૦ કિલોમીટરના અંતરે સ્થિત સંબલપુર અને હિરાકુંડ શહેરમાં તાપમાન



ક્રમશઃ ૪૫.૫ અને ૪૫.૮ ડિગ્રી નોંધાયુ છે. ઓરિસ્સા ઉપરાંત રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશમા પણ તીવ્ર ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. ગરમીના કારણે જનજીવન પર માઠી અસર થઈ છે. ગરમીના કારણે જુદા જુદા રોગ પણ સપાટી પર આવ્યા છે. ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરમાં પાચમી જુનના દિવસે ૪૬.૫ નોંધાયુ હતુ જે ૧૯૭૨ બાદ અંહી સૌથી ઉંચુ તાપમાન હતુ. ૨૨મી મે ૧૯૭૨ના દિવસે ભુવનેશ્વરમાં ૪૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન ખાતાએ કહ્યુ છે કે ઓરિસ્સામાં આગામી સપ્તાહ સુધી દક્ષિણ પશ્ચિમ મોનસુનની શરૂઆત થઈ શકે છે. દેશના અન્ય ભાગોમાં પણ મોનસુનની ઉત્સુકતા પૂર્વક રાહ જોવામા આવી રહી છે.

## જગનમોહનની સતત બીજા દિવસે પૂછપરછ

હૈદરાબાદ,તા.૧૦

વાયએસઆર કોંગ્રેસના વડા જગનમોહન રેડ્ડીની પૂછપરછનો દોર આજે બીજા દિવસે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. સંપત્તિ કેસના સંબંધમાં જગનમોહનની પૂછપરછ કરવામા આવી રહી છે. આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં જગનમોહન સકંજામાં ફંસાયેલા છે. કડાપ્પાના સાંસદ જગનમોહનને બે દિવસ માટે સીબીઆઈની કસ્ટડીમાં લેવામા આવ્યા છે. આજે સાંજે તેમની પૂછપરછ પૂરી થઈ હતી. ૧૧મી જૂન સુધી જગનમોહનને જ્યુડિશ્યલ કસ્ટડીમાં રાખવાનો આદેશ કોર્ટ દ્વારા કરવામા આવ્યો છે. ૨૭મી મેના દિવસે ૩૯ વર્ષીય જગનમોહનની ધરપકડ કરવામા આવી હતી.

# સત્યમેવ જયતે-૬માં આમિર ખાને વિકલાંગ લોકોની લાઈફ ઉપર ઉલ્લેખનીય રજૂઆત કરી

નવી દિલ્હી, તા.૧૦

સત્યમેવ જયતો શોમાં આમિર ખાનો હજી સુધી ભૃણહત્યા, ઓનર કિલીંગ, દહેજપ્રથા જવા અનેક ગંભીર અને સવેદનશીલ મામલાઓને ઉઠાવ્યા છે. હવે સત્યમેવ જયતે-૬માં આમિર ખાનો વિકલાંગ લોકોની લાઈફ ઉપર ઉલ્લેખનીય રજુઆત કરી હતી. લાઈફની આ નબળાઈને તાકાત બનાવીને સફળતા હાંસલ કરનાર લોકોના કિસ્સા આજના કાર્યક્રમમાં વિસ્તૃત રીતે રજૂ કરાયા હતા. આ એપિસોડમાં આમિર ખાન હકિકતની જિંદગીના એવા કલાકારોને લઈને પહોંચ્યા હતા. જે કુદરતી તકલીફોને ઉઠાવીને તથા જિંદગીના તમામ પડકારોને ખુશીથી સ્વીકાર કરી ચૂક્યા છે.



આમિર ખાને શોમાં આવેલા શિક્ષકોને પણ પ્રશ્નો કર્યા હતા. વિકલાંગ બાળકો અન્ય બાળકોની સાથે કેમ અભ્યાસ કરી શકે તેમ નથી. વિકલાંગ લોકોને નોકરી આપવામાં કંપનીઓ કેમ ખચકાટ અનુભવ કરે છે તેવો પ્રશ્ન પણ ઉદ્યોગજગતને આમિર ખાને કર્યો હતો. આમિર ખાને શોની શરૂઆત ૧૧ વર્ષની બાળકી શ્રેયા ચતુર્વેદી સાથે કરી હતી. શ્રેયા માતાની સાથે દિલ્હીમાં રહે છે. તે માતાને પોતાના મીત્ર તરીકે ગણે છે. તે ટીચર અથવા તો ડોક્ટર બનવાની ઈચ્છા ધરાવે છે. તેના પગ ખરાબ થઈ ચૂક્યા છે. તે વ્હિલ ચેરથી ચાલે છે. તેનું કહેવું છે કે ભગવાને તેને જે આપ્યું છે તેનાથી ખુશ છે. આમિર ખાને આ એપિસોડની આગામી કડી તરીકે તિરૂચીલાપલ્લીની સાંઈપ્રસાદની પણ રજૂઆત કરી હતી. સાંઈએ કહ્યું હતું કે વિકલાંગોની ભારતમાં સૌથી મોટી સમસ્યા મુળભુત સુવિધાઓનો અભાવ છે અને કહ્યું હતું કે અમેરિકામાં આવા લોકોની લાઈફને સરળ બનાવવા ખુબ સારા ઈન્ફાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવે છે. આમિર ખાને અન્ય જુદા જુદા લોકોને આવરી લિધા હતા. આમિર ખાને અમર જયોતી સ્કુલનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ત્યાં વિકલાંગ બાળકો પણ સામાન્ય બાળકો સાથે રમે છે. એક જીમનો પણ ઉલ્લેખ કર્યો હતો જ્યાં આ લોકો માટે વિશેષ મશીનો લગાવવામાં આવ્યા છે.

# સિદ્દીકી હત્યા પ્રકરણમાં રાજન ગેંગની સંડોવણીની આશંકા

નવી દિલ્હી,તા.૧૦

દેશના ઘણા ભાગોમાં અનેક આતંકવાદી હુમલાઓ અંજામ આપનાર ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદીનના લીડર કતિલ સિદ્દીકીની પૂણેની ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી યરવાડા જેલમાં ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ આ મામલામાં ઊંડી તપાસ ચાલી રહી છે. પોલીસ જુદા જુદા પાસાઓમાં તપાસ કરી રહી છે. અંડરવર્લ્ડની આમા સંડોવણી છે કે કેમ તેમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. અંડર વર્લ્ડ અને ખાસ કરીને છોટા રાજનનો આમા હાથ હોઈ શકે છે તેવી શંકા પોલીસને દેખાઈ રહી છે. છોટા રાજનની ભૂમિકામાં હવે ચકાસણી હાથ ધરાઈ છે. કારણ કે આ ગેંગસ્ટર વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટમાં માસ્ટર માઈન્ડ ધરાવતા ડોન દાઉદ ઈબ્રાહીમ સાથે સંબંધ તૂટી ગયા બાદથી ઘણા હુમલાઓમાં સામેલ રહ્યો છે. બાબરી ધ્વંસ બાદ ફાટી નીકળેલી કોમી હિંસાનો બદલો લેવા દાઉદે ૧૯૯૩માં બ્લાસ્ટ કરાવ્યા હતા. રાજનની ટોળકીના સભ્યો ભરત નેપાલી, સંતોષ શેટ્ટી, વિજય શેટ્ટી અને રવિ પૂજારી તેમજ અન્યો પોતાની ગેંગ બનાવી ચૂક્યા છે અને ડી કંપનીને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ડી કંપની પાકિસ્તાની સંગઠન આઈએસઆઈના ઈસારા ઉપર ચાલી રહી છે. શરદ મોહોલ અને આલોક ભાલેરાવ નામના બે કેદીઓએ સિદ્દીકીની હત્યા કરી નાંખી હતી. આ બંને શખ્સોએ તપાસ અધિકારીઓ સમક્ષ કહ્યું છે કે તેઓએ સિદ્દીકીની હત્યા કરી નાંખી છે. કારણ કે તે તેમના ભગવાન ગણપતિના મંદિરને ફૂંકી મારવાના પ્રયાસમાં હતો. સાથે સાથે રાજ વિરોધી પ્રવૃત્તિમાં પણ સંડોવાયેલો હતો.

હવે સંજોગો એવા ઊભા થઈ રહ્યા છે જે સંકેત આપે છે કે રાજન ગેંગનો હાથ આમા હોઈ શકે છે. રાજન ગેંગ અને તેના ટોચના સભ્યોના ઈશારે આ બનાવ બન્યો હતો. જો કે સિદ્દીકીની હત્યાના મામલામાં કઈ ગેંગ સામેલ છે તે અંગે જાણી શકાયું નથી. મુંબઈ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓનું કહેવું છે કે રાજન ગેંગનો હાથ આમા હોઈ શકે છે. ગયા વર્ષે એપ્રિલ મહિનામાં મુંબઈ ક્રાઈમ બ્રાંચે વિજયશેટ્ટી ગેંગના ત્રણ સક્રિય સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈની સેશન કોર્ટ ખાતેથી તેમની ધરપકડ કરાઈ હતી. ઝડપાયેલા શખ્સોએ કેટલીક યોજનાઓ બનાવી હતી. સિદ્દીકીની હત્યાના આરોપીની જેમ જ કેટલાક અન્ય એવા અપરાધીઓ છે જે બીજા અપરાધીઓ ઉપર નજર રાખી રહ્યા હતા. રાજન કેમ્પ હંમેશા માને છે કે હિંદુ વિરોધી કેટલાક શખ્સોની હત્યા કરવાથી તેમને રાહત થઈ ગઈ છે.

# ભારત દક્ષિણ કોરિયા પાસેથી આઠ નવા યુદ્ધ જહાજ ખરીદશે

નવી દિલ્હી,તા.૧૦

દક્ષિણ કોરિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવીને ભારતે હવે તેની સાથે મોટી સંરક્ષણ સમજૂતી કરવાનો નિર્ણય કર્યો છે. મળેલી માહિતી મુજબ ૬ હજાર કરોડની કિંમતમાં દક્ષિણ કોરિયા પાસેથી આઠ યુદ્ધ જહાજોની ખરીદી કરવામા આવશે. ઉત્તર પૂર્વ એશિયન દેશ સાથે મોટી સંરક્ષણ સમજૂતી કરવાની તૈયારી હાથ ધરવામા આવી ચુકી છે. નવી સમજૂતી હેઠળ ભારતને દક્ષિણ કોરિયન કંપની કંગનામ કોર્પોરેશન પાસેથી સીધી રીતે બે માઈન કાઉન્ટર મેજર વીસલ (એમસીએમવી) મેળવશે. જ્યારે અન્ય છ ટેકનોલોજી ટ્રાન્સફર બાદ ગોવા સીપીઆર ખાતે બનાવવામાં આવશે. આઠ અતિ આધુનિક યુદ્ધ જહાજો ભારતને મળી ગયા બાદ તેની સંરક્ષણ તાકતમાં અનેક ઘણો વધારો થશે. પાકિસ્તાન અને ચીન જેવા પડોશી દેશો અતિ ઝડપથીતેમની સંરક્ષણ તાકતને વધારી રહ્યા છે ત્યારે ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં ધ્યાન આપવાની શરૂઆત કરી દીધી છે. ભારતને અતિઆધુનિક એમસીએમવીની જરૂર છે. આ યુદ્ધ જહાજો અનેક રીતે કામ લાગી શકે છે.

# બિહારમાં માઓવાદીઓ દ્વારા ફરીથી હુમલો કરાયો

નવી દિલ્હી,તા.૧૦

બિહારના ગયા જિલ્લાના વન્ય વિસ્તારમાં માઓવાદીઓએ આજે ફરી એકવાર પ્રચંડ શક્તિશાળી ભૂમિ સુરંગ બ્લાસ્ટ કર્યો હતો. આમાં સીઆરપીએફના એક જવાનનો મોત થયુ હતુ અને અન્ય છ ગંભીર રીતે ઘાયલ થયા હતા. માઓવાદીઓ વારંવાર તેમની હાજરી સાબિત કરવા જુદા



જુદા વિસ્તારમાં ભૂમિ સુરંગ બ્લાસ્ટ કરતા રહે છે. સીઆરપીએફના એક અધિકારી ઉમેશ કુમારે માહિતી આપતા કહ્યુ છે કે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે બ્લાસ્ટ થયા બાદ થોડાક સમય સુધી ગોળીબારના રમઝટ પણ થઈ હતી. પટણાથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે ગયામાં ડુમારીયામા માઓવાદીઓ દ્વારા આ બ્લાસ્ટ કરવામા આવ્યો હતો. બનાવની જાણ થયા બાદ ઘટના સ્થળે વધારાના સુરક્ષા દળો પણ મોકલવામા આવ્યા હતા. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને વધુ તપાસ હાથ ધરી છે. માઓવાદીઓ કેટલાક વિસ્તારમાં તેમનુ વર્ચસ્વ હજુ પણ ધરાવે છે. અહેવાલમાં જણાવવામા આવ્યુ છે કે માઓવાદીઓ વારંવાર સુરક્ષા દળોને જ ટાર્ગેટ બનાવી હુમલા કરે છે. માઓવાદી બંડખોરો માત્ર બિહારમાં જ નહી બલ્કે દેશના અનેક ઘણા રાજ્યોમાં પહેલાથી જ સક્રિય થયેલા છે. તેમની પાસે હથિયારો પણ પહોંચી રહ્યા છે.

# પી-નોટસ મૂડીરોકાણકારોએ એક લાખ કરોડ પાછા ખેંચ્યા

નવી દિલ્હી,તા.૧૦

સરકારની કરવેરાની જાળમાં ફસાઈ જવાની દહેશત અને કાળાનાણાને લઈને કાર્યવાહી થવાની દહેશતના પરિણામ સ્વરૂપે અમીર વિદેશી કંપનીઓ અથવા તો મૂડીરોકાણકારો એક લાખ કરોડની રકમ પરત ખેંચી ચુક્યા છે. પી-નોટસ મૂડીરોકાણકારો એક ટ્રિલિયન રૂપિયા ભારતમાથી પાછા ખેચી ચુક્યા છે. ત્રણ મહિનાથી પણ ઓછા ગાળામાં આ રકમ પાછી ખેંચી લેવામા આવી છે. પાટીસિપેટરી નોટ મારફતે ભારતીય બજારમાં મૂડી રોકણ કરનાર રોકાણકારો સરકારને કરવેરાની જાળને લઈને ચિંતિત દેખાઈ રહ્યા છે. આના પરિણામ સ્વરૂપે પીનોટસ મારફતે જંગી રકમ પાછી ખેચી લેવામા આવી છે. થોડા વર્ષ અગાઉ સુધી જંગી મૂડીરોકાણ થઈ રહ્યુ હતુ. પાર્ટીસિપેટરી નોટ અથવા તો પી-નોટસ મારફતે ભારતમાં મૂડીરોકાણ કરવા વ્યક્તિગત સંપતિ ધારકો અથવા તો અન્ય અમીર રોકાણકારોને મંજૂરી આપવામા આવે છે. પહેલાથીજ એફઆઈઆઈ તરીકે નોંધણી કરાવી ચુકેલા લોકોને રોકાણની મંજૂરી આપવામા આવે છે. સૂત્રઓએ કહ્યુ છે કે પી-નોટસ રોકાણકારો ભારતીય રોકાણકારો અને ડેબ્ટ માર્કેટમાથી એક લાખ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. નવી ટેક્સ પોલિસીને લઈને ગુંચવણી ભરી સ્થિતિ વચ્ચે ૫૦ હજાર કરોડના મૂડીરોકાણની યોજના મોકૂફ રાખવામા આવી છે. સરકારે જીએએઆરને એક વર્ષ સુધી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે ત્યારે વિદેશી લેવડદેવડ માટે કરવેરાની દરખાસ્તો એફઆઈઆઈ સુધી જ લાગુ થશે. એવી દહેશત છે કે નવા ટેક્સના લીધે વિદેશી રોકાણકારો પર વધુ ટેક્સ બોજ વધશે. મોરીસિયસ જેવા દેશોમાં રોકાણથી નુકસાન થઈ શકે છે. તેમની ટેકસ લક્ષી વ્યવસ્થાનો લાભ લેવા આવા સ્થળો મારફેત ભારતમાં રોકાણકરવાની યોજના રાખે છે. એવી દહેશત છે કે એફઆઈઆઈ પણ ચિંતામાં છે.

## આંધ્રની પેટાચૂંટણીમાં ભ્રષ્ટાચાર પ્રમુખ મુદ્દો

હૈદરાબાદ,તા.૧૦

આંધ્ર પ્રદેશમાં મંગળવારના દિવસે વિધાનસભાની ૧૮ અને લોકસભાની એક સીટ માટે યોજાનારી બેઠકની ચૂંટણી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠિત બની ગઈ છે. કોંગ્રેસ માટે આ ચૂંટણી ખૂબ જ મહત્વ છે. ચૂંટણીમાં વ્યાપક ભ્રષ્ટાચારની સ્થિતિ જોવા મળી રહી છે. પેટા ચૂંટણીમાં કોંગ્રેસની ટક્કર વાયએસઆર કોંગ્રેસ પાર્ટી સાથે છે. આ પક્ષના વડા જગનમોહન રેડ્ડી ભ્રષ્ટાચાર અને ગંભીર આર્થિક મામલાઓના કારણે હાલ જેલમાં છે. જગનમોહન રેડ્ડી અને તેમના પિતા પૂર્વ મુખ્યમંત્રી રાજશેખર રેડ્ડીના ભ્રષ્ટાચાર ચૂંટણીમાં મુખ્ય મુદ્દો છે. અલબત્ત રાજ્યમાં વિધાનસભાની ચૂટણી આડે હજુ બે વર્ષનો સમય છે. પરંતુ આંધ્ર પ્રદેશ પહેલાથીજ ચૂટણી ફિવરના સંકજામાં છે. આ પેટાચૂંટણીને મિની ઈલેક્શન અને સેમી ફાઈનલ સમાન ગણવામા આવે છે.

# હૈદરાબાદમાં રેવ પાર્ટી દરમિયાન બે મહિલા સહિત પાંચ પકડાયા

હૈદરાબાદ,તા.૧૦

હૈદરાબાદના એક અમીર વિસ્તારમાં રેવ પાર્ટી દરમ્યાન દરોડા પાડવામા આવતા પાંચ શખ્સોની ધરપકડ કરવામા આવી છે. આ સંબંધમાં વધુ પૂછપરછનો દોર ચાલી રહ્યો છે. હૈદરાબાદના અમીર ગણાતા બંજારા હિલ્સના એક એપાર્ટમેન્ટમાં રેવ પાર્ટી ચાલી રહી હતી. પોલીસને બાતમી મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામા આવી હતી. આ ગાળા દરમ્યાન પોલીસે ડ્રગ્સ વેચનાર સહિત પાંચ લોકોને પકડી પાડયા છે. ધરપકડ કરવામા આવેલા પાંચ પૈકી બે મહિલાઓ સામેલ છે. બંજારા હિલ્સના પોલીસ અધિકારી શંકર રેડ્ડીએ કહ્યુ હતુ કે બંજારા હિલ્સના માર્ગ નંબર ૧૦ પર ગઈકાલે મોડી રાત્રે રેવ પાર્ટીનુ આયોજન કરવામા આવ્યુ હતુ. રેવ પાર્ટીમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. કેટલાક લોકો ફરાર થઈ જવામા પણ સફળ રહ્યા હતા. ઝડપાયેલાઓમાં બે મહિલાઓ અને એક યુગાન્ડાના એક નાગરિકનો પણ સમાવેશ થાય છે જે સ્થાનિક લોગોને પ્રતિબંધિત ડ્રગ્સ વેચી રહ્યો હતો. આ પાંચ લોકો પાસેથી કોકેઈન અને બીજા ડ્રગ્સનો જથ્થઓ જબત કરવામા આવ્યો છે. આ મામલામાં વધુ તપાસ ચાલી રહી છે.

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

'અરે દેવાભાઇ, તમે કેટલા ઉદાર, નિરભિમાની, લાગણીશીલ શાંત સ્વભાવના છો.' સંધ્યા અને તેના મમ્મીએ દેવાના ઉદારતા ભર્યા કાર્યનો આભાર માન્યો. તેના મમ્મીનું માથું શરમથી ઝુકી ગયું અને બોલી ઊઠ્યાં, 'દેવાભાઇ, મારી દીકરીની જિંદગી ઘડવામાં સર્વસ્વ ફાળો તમારો જ છે.' બોલતાં સંધ્યા અને તેની મમ્મીની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા.

પેઢીએથી ઘરે પહોંચતા હરખાતા હરખાતાં સંધ્યાના મમ્મી બોલ્યા, 'સંધ્યાના બાપુ, દેવાભાઇ ખરેખર આપણા માટે ભગવાન કહેવાય!'

'હા, એ તો છે જ ને દેવાભાઇ એ આપણને મદદ ન કરી હોત તો આપણે ઘરનું ઘર ન થયું હોત!'

'અરે ઘરનું ઘર તો થયું! પણ સંધ્યાને ભણવા માટે જે પેઢીમાંથી આર્થિક સહાય મળતી હતી. તે પઢીના માલિક દેવાભાઇ છે.'

'શું વાત કહે છે!' નવાઇ પામતાં સંધ્યાના પપ્પા બોલ્યા, 'હા, એ તો અમે આજે પેઢીએ ગયા ત્યારે ખબર પડી.'

'જમના, આપણે આ દેવદૂત જેવા પરોપકારી માણસને ઓળખી ન શક્યા?'

સંધ્યા અને એના મા-બાપ દેવાની ઉદારતાની વાતો કરતા હતા ત્યાં સંધ્યાની બહેનપણીનો ફોન આવ્યો. 'સંધ્યા, તને ખુબ ખુબ અભિનંદન.'

'અરે વંદના, તું કહેતો ખરી મને કઇ બાબતના અભિનંદન આપે છે.'

તું ફર્સ્ટ કલાસ વીથ ડિસ્ટિંનશન સાથે કૉલેજ ફર્સ્ટ આવી છે.

'થેંક્યું... થેંક્યું...'

'અને તારા ખાસ મિત્ર દેવાનો ફર્સ્ટ કલાસ આવ્યો.' એમ બોલતાં બંને હસી પડ્યાં.

પછી સંધ્યાએ પૂછ્યું. 'વંદના, તારા તો સમાચાર આપ!'

સંધ્યા, હું, શ્વેતા, ક્રિષ્ના બધાં ફર્સ્ટ કલાસ પાસ થયાં.'

'તને પણ અભિનંદન.'

વંદના સાથે વાત પુરી થતાં તુરત દેવાનો ફોન આવ્યો. 'સંધ્યા કોંગ્રેચ્યુલેશન.'

'દેવા તને પણ.' બોલતાં બંને ભાવવિભોર થઇ ગયાં ને સંધ્યા બોલી ઊઠી. 'દેવા, તું કૉલેજ આવજે આપણે ત્યાં મળીએ.' પછી સંધ્યા આનંદથી દોડતી એના મા-બાપના પગમં પડતી બોલી. 'મમ્મી, હું એમ.એ.માં કૉલેજ ફર્સ્ટ આવી.'

'દીકરી, તે તો આપણાં કુટુંબની આબરૂ વધારી દીધી. સંધ્યાને આશીર્વાદ આયના એના મમ્મી પપ્પા બોલ્યા.'

સંધ્યા હરખમાં આવી આનંદથી કુદતી બોલી ઉઠી. 'મમ્મી, હું કૉલેજ જાઉં છું?'

'અરે સંધ્યા, તું દેવાના સમાચાર તો આપ.'

'મમ્મી જેવો ફર્સ્ટ કલાસ કલાસ પાસ થઇ ગયો છે.'

સારૂં... સારૂં... બોલતાં સંધ્યાના મા-બાપ ખુશ થઇ ગયાં.

કૉલેજમાં સૌ મિત્રો એકબીજાને અભિનંદન આપતા સંધ્યાની અને દેવાની આવવાની રાહ જોતા હતા. સૌ પોતપોતાની માર્કશીટ લઇ એકબીજાને જોતા હતા. ત્યાં સંધ્યા અને દેવો એક સાથે કૉલેજ પહોંચ્યા. બધી બહેનપણીઓ સંધ્યા ફરતી વીંટળાઇ ગઇને અભિનંદન... અભિનંદન કરતી હસ્તધૂન કરવા લાગી. દેવા એ પણ સૌને અભિનંદન આપ્યાં.

કૉલેજના પ્રિન્સિપાલ સાહેબે કૉલેજ ફર્સ્ટ આપતી સંધ્યાને અભિનંદન પાઠવ્યા, સંધ્યા તેમના પગમાં પડી પછી સૌ પ્રોફેસરોના આશીર્વાદ લીધા. પ્રિન્સિપાલ સાહેબે દેવાને પણ અભિનંદન આપ્યા.


કૉલેજના પ્રિન્સિપાલ સાહેબે કૉલેજ ફર્સ્ટ આવતી સંધ્યાને અભિનંદન પાઠવ્યા. સંધ્યા તેના પગમાં પડી પછી સૌ પ્રોફેસરોના આશીર્વાદ લીધા. પ્રિન્સિપાલ સાહેબે દેવાને પણ અભિનંદન આપ્યા.

(ક્રમશઃ)

# સાઈના નહેવાલે થાઈલેન્ડ ઓપનનો તાજ જીતી લીધો

નવી દિલ્હી, તા.૧૦

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલે પોતાની યશકલકીમાં વધુ એક મોર પીછું ઉમેરી લીધુ છે. સાઈના નહેવાલે આજે થાઈલેન્ડ ઓપન જીતી લેવામાં સફળતા મેળવી હતી. બેંકોકમાં રમાયેલી થાઈલેન્ડ ઓપનની ફાઈનલમાં સાઈના નહેવાલે બીજી ક્રમાંકિત ખેલાડી થાઈલેન્ડની રેચાનોક ઈથાનોન પર ૧૯-૨૧, ૨૧-૧૫ અને ૨૧-૧૦થી જીત મેળવી હતી. આ સત્રમાં સાઈના નહેવાલે બીજી સ્પર્ધા જીતી છે. આ અગાઉ સાઈનાએ માર્ચ મહિનામાં સ્વીસ ઓપન ગ્રાન્ડ પ્રી ગોલ્ડ ટુર્નામેન્ટમાં જીત મેળવવામાં સફળતા મેળવી હતી. આ અગાઉ સાઈના નહેવાલે સેમી ફાઈનલ મેચમાં ગઈકાલે સ્થાનીક ખેલાડી પોર્નતીપ બી પર ૨૪-૨૨, ૨૧-૧૧થી જીત મેળવી હતી. આ જીતની સાથે જ ટોચની ખેલાડી સાઈનાનો પોર્નતીપની સામે રેકોર્ડ ૪-૦ થઈ ગયો છે. આજે ફાઈનલ મેચમાં રેચાનોક સામે પણ સાઈનાએ શાનદાર રમત રમી હતી. રેચાનોકે અન્ય સેમી ફાઈનલમાં ચીનની લીન વાંગ પર ૨૧-૧૩, ૨૧-૧૯થી જીત મેળવી હતી. આ જીતની સાથે જ ઓલમ્પીક



રમતાઉત્સાવમાં ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલ પાસેથી આશા વધી ગઈ છે. સાઈનાની જીતને ભારતીય બેડમિન્ટન ચાહકો મોટી સીદ્ધી તરીકે જોઈ રહ્યા છે. ઓલમ્પીકમાં પણ તે પહેલાથી જ પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહી છે. આ ટુર્નામેન્ટમાં સાઈના નહેવાલને ટોચની રેન્કિંગ આપવામાં આવી હતી.

## એમા વોટ્સન નોઆ ફિલ્મમાં નજરે પડશે

લોસએન્જલસ, તા. ૧૦

હેરી પોટરની સ્ટાર અભિનેત્રી એમા વોટ્સન હવે નવી ફિલ્મ નોઆમાં ભુમિકા અદા કરતી નજરે પડશે. બ્લેક સ્વાનના નિર્માતા ડેરેન અરોનોફસ્કી આ ફિલ્મનું નિર્દેશન કરવા જઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ૨૨ વર્ષીય અભિનેત્રી નોઆના પુત્ર શેમની પ્રેમીકાની ભુમિકા અદા કરશે. આ ફિલ્મમાં નોઆના પુત્રની ભુમિકામાં ડગલાસ બુથ નજરે પડશે. રસેલ ક્રો નોઆની ભુમિકામાં નજરે પડશે. પેગેમ્બર નોઆની ભુમિકા રસેલ ક્રોને આપવા પહેલા આને લઈને તમામ પાત્રોમાં ચકાસણી કરવામાં આવી હતી. વોટ્સન હેરી પોટરની ફિલ્મ સીરીસમાં કામ પૂર્ણ કરી લીધા બાદ અન્ય બેનરો હેઠળ પણ કામ કરવા જઈ રહી છે. નોઆ ઉપરાંત વોટ્સન ધ બ્લિંગ રીંગ અને કોમેડી ફિલ્મ દ એન્ડ ઓફ દ વર્લ્ડમાં પણ નજરે પડશે.